# <u>નેશનલ લોક અદાલત</u>
# <u>સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટ, અમદાવાદ.</u>

**<u>ફોજદારી પરચુરણ અરજી નં.૪૯૨૩/૨૦૨૫.</u>**

**<u>આંક-૧ નીચે હુકમઃ-</u>**

વિ. એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રી(કોર્ટ નં.૧૭)નાઓ ધ્વારા એરપોર્ટ પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૧૧૧૯૧૦૪૬૨૦૦૭૬૪/૨૦૨૦, તે ઇ.પી.કો.ક.–૪૯૮(ક), ૩૨૩, ૫૦૬(૨), ૫૦૪, ૧૧૪ તથા દહેજ પ્રતિબંધક ધારાની કલમ–૩, ૭ મુજબના ગુન્હાના ક્રિમીનલ કેસ નં.૫૦૫૫૬/૨૦૨૦ના કામે આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકતો હુકમ તારીખ ૪–૧૦–૨૦૨૪ના રોજ કરવામાં આવેલ હોય, જે વિ.નીચેની કોર્ટના ચુકાદા સામે અપીલ દાખલ કરવામાં થયેલ વિલંબ માફ કરવા માટે શ્રી સરકાર તરફે હાલની વિલંબ માફની અરજી કરવામાં આવેલ છે. દરમિયાન મૂળ ફરીયાદી અને આરોપીઓ વચ્ચે સમાધાન થઇ જતા તેઓ ધ્વારા આંક–૫થી મૂળ ફરીયાદીનું સોગંદનામુ તથા આંક–૬થી વિડ્રો પુરસીસ રજુ રાખેલ છે. તે ધ્યાને લેતાં તથા વિ.એ.પી.પી.શ્રી વિડ્રોઅલ અંગે પોતાનું સમર્થન જાહેર કરતા હોય, સદરહુ વિલંબ માફની અરજી આજરોજ નેશનલ લોક અદાલતમાં ફેંસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ-૧૩, માહે-સપ્ટેમ્બર, સને-૨૦૨૫ના રોજ નેશનલ લોક અદાલતમાં વાંચી, સહી કરી જાહેર કર્યો.

(એચ.જી.પંડયા)
જજ(કોર્ટ નં.૧૧)
સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટ,
અમદાવાદ શહેર.
(નેશનલ લોક અદાલત)
યુનિક કોડ નં.જીજે૦૦૭૦૫.

Yjj,P.S.